વર્લ્ડકપ વિજેતા ટીમ ઈન્ડિયાનું ભવ્ય સન્માન કરશે BCCI

એવું પ્રથમવાર બનશે કે ICC ટાઈટલ જીતનારી પાંચેય ટીમોનું (પુરુષ, મહિલા, ચેમ્પિયન્સ ટ્રોફી અને અંડર-19 ટીમો) એકસાથે સન્માન કરાશે

શુભમન ગિલ અને સ્મૃતિ મંધાનાને સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરનો 'પોલી ઉમરીગર એવોર્ડ'

રોજર બિન્ની-રાહુલ દ્રવિડ અને મિતાલી રાજને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

મુંબઈ, તા. 14 (પીટીઆઈ): સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ટી-20 વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચનારી ભારતીય ટીમનું રવિવારે BCCI દ્વારા વાર્ષિક 'નમન એવોર્ડ્સ' સમારોહમાં ભવ્ય સન્માન કરવામાં આવશે. આ વર્ષનો સમારોહ ભારતીય ક્રિકેટ માટે અત્યંત ખાસ છે, કારણ કે પ્રથમવાર BCCI તાજેતરમાં ICC ટાઈટલ જીતનારી ભારતની પાંચેય ટીમોનું (પુરુષ, મહિલા, ચેમ્પિયન્સ ટ્રોફી અને અંડર-19 ટીમો) એકસાથે સન્માન કરશે.

કોચ ગૌતમ ગંભીરના માર્ગદર્શન હેઠળની ટીમે 8 માર્ચે અમદાવાદમાં ન્યુઝીલેન્ડને 96 રને હરાવીને ત્રીજીવાર ટી-20 વર્લ્ડ કપ જીત્યો હતો. આ સાથે ભારત ખિતાબનું સફળતાપૂર્વક રક્ષણ કરનારી અને ઘરઆંગણે ટ્રોફી જીતનારી પ્રથમ

ટીમ બની છે. આ સમારોહમાં 2025નો મહિલા વન-ડે વર્લ્ડકપ જીતનાર ટીમ, 2025ની ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા પુરુષ ટીમ, અને અંડર-19 વર્લ્ડકપ (પુરુષ અને મહિલા બંને) વિજેતા ટીમોનું પણ સન્માન કરાશે.

વ્યક્તિગત એવોર્ડ્સમાં, ભારતની બેટિંગના નવા પોસ્ટર બોય શુભમન ગિલને 2024-25 માટે સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરનો 'પોલી ઉમરીગર એવોર્ડ' આપવામાં આવશે, જ્યારે મહિલા ક્રિકેટમાં સ્મૃતિ મંધાના પાંચમી વાર આ ગૌરવશાળી સન્માન મેળવશે. બોર્ડનું સર્વોચ્ચ સન્માન 'સી.કે. નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' 1983ના હીરો રોજર બિન્ની અને 'ધ વોલ' રાહુલ દ્રવિડને એનાયત થશે, જ્યારે મિતાલી રાજને પણ મહિલા કેટેગરીમાં લાઈફટાઈમ એવોર્ડ અપાશે. ઘરેલું ક્રિકેટની વાત કરીએ તો, મુંબઈ ક્રિકેટ એસોસિએશનને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે નવાજવામાં આવશે. ઈરા જાધવ અને શેફાલી વર્માને મહિલા ડોમેસ્ટિક ક્રિકેટમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનિત કરવામાં આવશે. જ્યારે આયુષ મ્હાત્રે અને હર્ષ દુબેને અનુક્રમે લિમિટેડ ઓવર્સ અને રણજી ટ્રોફીમાં સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડરના એવોર્ડ મળશે. આ ભવ્ય કાર્યક્રમમાં ભારતીય ક્રિકેટના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો અનોખો સંગમ જોવા મળશે.

હારમાંથી શીખીને વિશ્વવિજેતા બનેલી ટીમ ઇન્ડિયાની ગાથા

જો પાકિસ્તાની ખેલાડીને ખરીદનાર વિદેશી ફ્રેન્ચાઈઝીના માલિક ભારતીય છે તો તે ભારતીય જાનહાનિમાં ફાળો આપી રહ્યા છે. શું ભારતીય જીવ કરતાં ટૂર્નામેન્ટ જીતવી વધુ મહત્વની છે?

આઈસીસી ટી-20 વર્લ્ડ કપના સુપર એઈટ સ્ટેજની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતની હાર એ એક પ્રકારની 'વેક-અપ કોલ' (જાગૃત થવાનો સંકેત)નું ઉત્તમ ઉદાહરણ છે જે ચેમ્પિયન્સને કોઈપણ પ્રકારના સંતોષ અથવા ગાફેલ રહેવાની વૃત્તિમાંથી બહાર આવવા અને આગામી રાઉન્ડ માટે તેમની રમતને વધુ મજબૂત કરવા માટે જરૂરી હોય છે. વ્યક્તિગત રમતોમાં પણ આવું બનતું હોય છે, જ્યાં ઉચ્ચ રેન્કિંગ ધરાવતો ખેલાડી કદાચ કોઈ અજાણ્યા અને રેન્કિંગમાં ઘણા નીચે રહેલા ખેલાડી સામે હળવાશથી રમવાનો પ્રયત્ન કરે અને અચાનક તેને સમજાય કે મેચ તેના હાથમાંથી સરકી રહી છે. ત્યારબાદ તે પોતાની શ્રેષ્ઠ રમત મેદાન પર લાવે છે અને મેચ જીતવા માટે પૂરી તાકાત લગાવી દે છે, જે મેચ કદાચ તેની અપેક્ષા કરતા વધુ લાંબી ચાલી હોય છે.

ભારતના કિસ્સામાં, પરાજયનું જે અંતર હતું તે કદાચ વધુ ખૂંચ્યું હશે, કારણ કે બે વર્ષ પહેલાં આ જ ટૂર્નામેન્ટની ફાઇનલમાં આ જ પ્રતિસ્પર્ધીને ભારતે હરાવ્યું હતું. ગમે તે હોય, પણ આ હાર ટીમ માટે જરૂરી એવા 'રીચાર્જ' સમાન સાબિત થઈ અને ત્યારબાદ ટીમે એટલું શાનદાર ક્રિકેટ રમ્યું કે જૂની સત્તાઓના ટીકાકારોના મનમાં પણ કોઈ શંકા બાકી ન રહી કે આ રમતની શ્રેષ્ઠ વ્હાઇટ બોલ ટીમ ભારત જ છે.

આ ટીમ તરફથી જે પ્રકારનું ક્રિકેટ જોવા મળ્યું તે ખરેખર અદભૂત હતું, અને તેનાથી પણ વધુ આનંદદાયક બાબત એ હતી કે આખી ટૂર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓની નમ્રતા જોવા મળી, જેઓ દરેક મેચના અંતે મીડિયાનો સામનો કરતા હતા. સામાન્ય રીતે મેચનો પાસો પલટનાર ખેલાડીને જ મેચ પૂરી થયા પછી મીડિયાને મળવા મોકલવામાં આવે છે. પછી ભલે તે સુકાની સૂર્યકુમાર યાદવ હોય જે રોહિત શર્માની જેમ રમૂજી અંદાજમાં વાતચીત કરતો હોય, અથવા અક્ષર પટેલ જે તેના જમીન સાથે જોડાયેલા અને અહંકાર વગરના જવાબો આપતો હોય, અથવા સંજુ સેમસન જેણે પ્લેઇંગ ઈલેવનમાં ફરીથી સ્થાન મેળવવા માટે જેટલી ધીરજ બતાવી હતી તેટલી જ કૃચજ્ઞતા સર્વશક્તિમાન ઈશ્વર પ્રત્યે દર્શાવી હતી, અથવા બુમરાહ જેણે તેના સાથી બોલરોને શ્રેય આપ્યો હોય, અથવા ઈશાન કિશન જેણે બે વર્ષ સુધી બહાર બેસી રહેવાની પીડાનો મીડિયા સમક્ષ સ્વીકાર કરીને સૌના દિલ જીતી લીધા હોય, અથવા વરુણ ચક્રવર્તી જેણે ક્યારેય કોઈ બહાના ન કાઢ્યા અને નમ્રતાની મૂર્તિ બની રહ્યો - આ બધાએ બતાવ્યું કે વિજેતાઓ

લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

માટે અહંકારી હોવું જરૂરી નથી. તમે અપશબ્દો બોલ્યા વગર પણ શાનદાર રમત રમી શકો છો અને એ બતાવી શકો છો કે બેટ અને બોલને જ બધી વાત કરવા દેવી તે શ્રેષ્ઠ છે. જો કોઈ ઉભરતા ક્રિકેટરો (જેમાં કર્ણાટક ટીમનો એક ચોક્કસ 12મો ખેલાડી પણ સામેલ છે) જોઈ રહ્યા હોય, તો આશા છે કે તેઓ શીખ્યા હશે કે સન્માન તમારા દેખાડાથી નહીં પણ પ્રદર્શનથી મળે છે. તમે જીતીને પણ જમીન સાથે જોડાયેલા રહી શકો છો, જેવું આ અદભૂત ભારતીય ટીમે આપણને બતાવ્યું છે. આ ટીમ ટ્રોફીઓ જીતવાનું ચાલુ જ રાખશે, અને આ જીત પછી તેઓ જે રીતે નમ્રતાપૂર્વક વર્તી રહ્યા છે તેનાથી તેઓ વધુ દિલ અને પ્રશંસકો જીતી રહ્યા છે. મારા જેવા જૂના જમાનાના લોકો માટે, જેમણે એવા યુગમાં ક્રિકેટ રમ્યું હતું જ્યાં મેદાન પર અને મેદાનની બહાર બહુ બોલાતું ન હતું, આ તાજેતરની ભારતીય જીતનું સૌથી ઉજળું પાસું રહ્યું છે અને આ કાયમ ચાલુ રહે તેવી પ્રાર્થના.

'ધ હન્ડ્રેડ'માં એક ફ્રેન્ચાઈઝીના ભારતીય માલિક દ્વારા પાકિસ્તાની ખેલાડીને ખરીદવા અંગે જે હોબાળો મચ્યો છે તે જરાય આશ્ચર્યજનક નથી. નવેમ્બર 2008ના મુંબઈ હુમલા બાદથી, ભારતીય ફ્રેન્ચાઈઝી માલિકોએ આઈપીએલ માટે પાકિસ્તાની ખેલાડીઓને નજરઅંદાજ કર્યા છે. ભલે મોડેથી, પણ એ વાતની અનુભૂતિ કે તેઓ પાકિસ્તાની ખેલાડીને જે ફી ચૂકવે છે, તે ખેલાડી તેની સરકારને આવકવેરો ભરે છે અને તે સરકાર તેમાંથી શસ્ત્રો અને હથિયારો ખરીદે છે, જે પરોક્ષ રીતે ભારતીય સૈનિકો અને નાગરિકોના મૃત્યુમાં ફાળો આપે છે - આ સમજણને કારણે ભારતીય સંસ્થાઓ પાકિસ્તાની કલાકારો અને ખેલાડીઓને લેવાનું વિચારવાનું પણ ટાળી રહી છે. પછી ભલે તે કોઈ ભારતીય સંસ્થા હોય કે તે સંસ્થાની વિદેશી પેટાકંપની હોય જે ચૂકવણી કરી રહી હોય, જો માલિક ભારતીય છે તો તે ભારતીય જાનહાનિમાં ફાળો આપી રહ્યા છે. વાત બસ આટલી સરળ છે. ડેનિયલ વેટોરી, જે ન્યુઝીલેન્ડથી આવે છે અને 'ધ હન્ડ્રેડ'માં ટીમનો કોચ છે, તે કદાચ આ ગણિતને નહીં સમજી શકે અને તેથી તેણે તેની ટીમમાં કેટલાક પાકિસ્તાની ખેલાડીઓ ઈચ્છ્યા હશે, પરંતુ ચોક્કસપણે માલિકને આ પરિસ્થિતિની સમજ હોવી જોઈએ અને આ ખરીદીને પ્રોત્સાહન ન આપવું જોઈતું હતું. શું અન્ય કોઈ દેશ ન રમતો હોય તેવા ફોર્મેટમાં ટૂર્નામેન્ટ જીતવી એ ભારતીયોના જીવ કરતા વધુ મહત્વની છે?

એમાં કોઈ આશ્ચર્ય નહીં હોય કે આ ટીમ જ્યાં પણ રમશે, ભલે તે ઘરે હોય કે વિદેશમાં, ભારતીય ચાહકો આ માન્યામાં ન આવે તેવી ખરીદી સામે મોટા પાયે વિરોધ પ્રદર્શન કરશે. હકીકતમાં, એમાં પણ આશ્ચર્ય નહીં હોય કે તેમની ટીમમાં કેટલાક અત્યંત આકર્ષક સ્ટ્રોક પ્લેયર્સ હોવા છતાં, પ્રેક્ષકો સ્ટેડિયમથી દૂર રહે અને આ નિર્ણય પ્રત્યે પોતાની અસંમતિ દર્શાવે. હજુ પણ આ ભૂલ સુધારવાનો સમય છે અને આશા છે કે સમજદારીપૂર્વકનો નિર્ણય લેવામાં આવશે.

ઈન્ડિયન વેલ્સની ફાઈનલમાં ફરી સબાલેન્કા અને રાયબાકીના વચ્ચે મુકાબલો

સેમીફાઈનલમાં સબાલેન્કાએ લિન્ડા નોસ્કોવાને 6-3, 6-4થી હરાવી

રાયબાકીનાએ એલિના સ્વિતોલીનાને 7-5, 6-4થી હરાવી

ઈન્ડિયન વેલ્સ, તા. 14 (એપી): બે વખતની રનર-અપ આર્યના સબાલેન્કાએ ફરી એકવાર ઈન્ડિયન વેલ્સ ટાઈટલ જીતવા તરફ કદમ વધાર્યા છે. શુક્રવારે રાત્રે રમાયેલી સેમીફાઈનલમાં વિશ્વની નંબર-1 ખેલાડી સબાલેન્કાએ લિન્ડા નોસ્કોવાને 6-3, 6-4થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. 1 કલાક અને 28 મિનિટ ચાલેલા આ મુકાબલામાં સબાલેન્કાએ 11 એસ ફટકારીને પોતાની તાકાત બતાવી હતી. હવે રવિવારે ફાઈનલમાં સબાલેન્કાનો મુકાબલો કઝાકિસ્તાનની એલેના રાયબાકીના સામે થશે, જેણે બીજી સેમીફાઈનલમાં એલિના સ્વિતોલીનાને 7-5, 6-4થી હરાવી હતી. વર્ષ 2026માં સબાલેન્કાની એકમાત્ર હાર ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલમાં રાયબાકીના સામે જ થઈ હતી, તેથી સબાલેન્કા પાસે આ હારનો બદલો લેવાની સુવર્ણ તક છે. સબાલેન્કાએ જણાવ્યું કે, 'હું રવિવાર માટે પૂરી રીતે તૈયાર છું અને આ વર્ષે ટાઈટલ જીતવા માટે મારું સર્વશ્રેષ્ઠ ટેનિસ રમીશ.' સબાલેન્કા આ વર્ષે 12-1ના રેકોર્ડ સાથે શાનદાર ફોર્મમાં છે.

ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સ: યુકી ભામ્બ્રીની શાનદાર સફરનો સેમીફાઈનલમાં અંત

ઈન્ડિયન વેલ્સ (યુએસએ), તા. 14 (એપી): ભારતના યુકી ભામ્બ્રી અને તેના સ્વીડિશ જોડીદાર આન્દ્રે ગોરાન્સનનું ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સમાં અભિયાન સેમીફાઈનલમાં હાર સાથે સમાપ્ત થયું છે. બિનક્રમાંકિત જોડીનો ફ્રાન્સના આર્થર રિન્ડરકનેક અને મોનાકોના વેલેન્ટિન વેચેરોટ સામે 5-7, 7-6(7), 5-10 થી રસાકસીભર્યા મુકાબલામાં પરાજય થયો હતો. હાર છતાં, 33 વર્ષીય યુકી ભામ્બ્રી માટે આ ટુર્નામેન્ટ યાદગાર રહી હતી, કારણ કે ATP માસ્ટર્સ 1000 ઈવેન્ટમાં આ તેની પ્રથમ સેમીફાઈનલ હતી. અગાઉ આ જોડીએ એલેક્ઝાન્ડર એર્લર અને એન્ડ્રીયા વાવાસોરીને હરાવીને અંતિમ ચારમાં જગ્યા બનાવી હતી. વર્ષ 2024માં રોહન બોપન્નાના મિયામી ઓપન ટાઈટલ બાદ માસ્ટર્સ 1000 ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પહોંચનાર ભામ્બ્રી પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.

વર્લ્ડકપ ટ્રોફી સાથે સિદ્ધિવિનાયકના શરણે સૂર્યકુમાર, ગંભીર અને જય શાહ

આ મુલાકાતે ફરી એકવાર આસ્થા અને રમતગમતના રાષ્ટ્રીય પ્રતીકોના ઉપયોગ અંગે ચર્ચા છેડી

નવી દિલ્હી, તા. 14: ભારતીય ટી-20 વર્લ્ડ કપ જીતની ઉજવણીના ભાગરૂપે કેપ્ટન સૂર્યકુમાર યાદવ, કોચ ગૌતમ ગંભીર અને આઈસીસી પ્રમુખ જય શાહ મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે વિજયી ટ્રોફી ગણપતિ બાપ્પાના ચરણોમાં અર્પણ કરી આભાર માન્યો હતો.

સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ગંભીરે વિધિવત પૂજા-અર્ચના કરી હતી અને મૂર્તિ પાસે ટ્રોફી મૂકીને દેશની સતત જીત માટે પ્રાર્થના કરી હતી. જ્યારે ટ્રોફી અને આ સ્ટાર ખેલાડીઓ મંદિરે પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર હજારો ભક્તો અને ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પૂજા બાદ સૂર્યકુમારે કહ્યું હતું કે, 'આ જીત આખા દેશની છે અને બાપ્પાના આશીર્વાદ વગર આ શક્ય નહોતું.'

જોકે આ મુલાકાતે ફરી એકવાર આસ્થા અને રમતગમતના રાષ્ટ્રીય પ્રતીકોના ઉપયોગ અંગે ચર્ચા છેડી છે. અગાઉ 8 માર્ચે અમદાવાદમાં ન્યુઝીલેન્ડ સામેની જીત બાદ આ ત્રણેય હસ્તીઓ ટ્રોફી સાથે અમદાવાદના હનુમાન મંદિર પણ ગઈ હતી, જેને લઈને મોટો વિવાદ સર્જાયો હતો. 1983ના વર્લ્ડ કપ વિજેતા કિર્તી આઝાદે આ પગલાની આકરી ટીકા કરી હતી. કિર્તી આઝાદના આ નિવેદન પર પલટવાર કરતા હરભજન સિંહ અને ગૌતમ ગંભીરે કહ્યું કે મંદિર, મસ્જિદ કે ગુરુદ્વારા બધું જ સમાન છે અને ખેલાડીની આસ્થા પર સવાલ ઉઠાવવા અયોગ્ય છે.

હોકી મહિલા વર્લ્ડકપ ક્વોલિફાયર્સ: ભારત ફાઈનલમાં હાર્યું, પણ વર્લ્ડકપ માટે ક્વોલિફાય

હૈદરાબાદ, તા. 14 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમ એફઆઈએચ હોકી વર્લ્ડકપ ક્વોલિફાયર્સની ફાઈનલમાં શક્તિશાળી ઈંગ્લેન્ડ સામે 0-2થી હારીને રનર્સ-અપ રહી છે, પરંતુ સારી વાત એ છે કે ટીમે આ વર્ષના વર્લ્ડકપ માટે સફળતાપૂર્વક ક્વોલિફાય કરી લીધું છે. વિશ્વમાં છઠ્ઠો ક્રમ ધરાવતા ઈંગ્લેન્ડ તરફથી ગ્રેસ બાલ્સડને 13મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા અને એલિઝાબેથ નીલે 43મી મિનિટે ફિલ્ડ ગોલ કરીને વિજયી સરસાઈ મેળવી હતી. વિશ્વમાં નવમો ક્રમ ધરાવતી ભારતીય ટીમે આખી 60 મિનિટ દરમિયાન ઈંગ્લેન્ડના મજબૂત સંરક્ષણને તોડવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. નવનીત કૌરે શરૂઆતી મિનિટોમાં પેનલ્ટી કોર્નર મેળવી ભારતને આક્રમક શરૂઆત અપાવી હતી, પરંતુ ઈંગ્લેન્ડની ગોલકીપરે તેને નિષ્ફળ બનાવ્યો હતો. ઈંગ્લેન્ડ સિવાય ભારત અને સ્કોટલેન્ડ પણ આ ઈવેન્ટમાંથી વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયા છે.

IPL માટે PSL છોડનાર મુઝારાબાની સામે PCB લેશે કાયદાકીય પગલાં

KKRએ ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર મુઝારાબાનીને બાંગ્લાદેશના મુસ્તફિઝુર રહેમાનના સ્થાને ટીમમાં સામેલ કર્યો છે

લાહોર, તા. 14 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝારાબાની સામે કાનૂની કાર્યવાહી કરવા જઈ રહ્યું છે. મુઝારાબાનીએ અચાનક પાકિસ્તાન સુપર લીગ (PSL)ની ટીમ ઈસ્લામાબાદ યુનાઈટેડ સાથેનો કરાર તોડીને આઈપીએલ 2026 માટે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સાથે જોડાવાનો નિર્ણય લેતા આ વિવાદ સર્જાયો છે. ઉલ્લેખનીય છે કે KKRએ મુઝારાબાનીને બાંગ્લાદેશના મુસ્તફિઝુર રહેમાનના સ્થાને ટીમમાં સામેલ કર્યો છે.

બ્લેસિંગ મુઝારાબાનીને અગાઉ ઈસ્લામાબાદ યુનાઈટેડ દ્વારા 1.1 કરોડ પાકિસ્તાની રૂપિયામાં શમાર જોસેફના રિપ્લેસમેન્ટ તરીકે લેવામાં આવ્યો હતો. જોકે, આ વખતે આઈપીએલ અને પીએસએલ એક જ સમયગાળામાં રમાઈ રહી હોવાથી, ઝિમ્બાબ્વેના આ ફાસ્ટ બોલરે પીએસએલ પડતી મૂકીને આઈપીએલ પસંદ કર્યું છે.

પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યા મુજબ, આ કરારનો સીધો ભંગ છે અને તેઓ ખેલાડીઓને સ્પષ્ટ સંદેશ આપવા માગે છે કે પીએસએલ સાથે પ્રતિબદ્ધતા દર્શાવ્યા બાદ તેઓ આ રીતે કરાર તોડી શકે નહીં. અગાઉ દક્ષિણ આફ્રિકાના કોર્બિન બોશે પણ આવું જ કર્યું હતું, જેના પર પીએસએલમાં એક વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

મુઝારાબાનીએ ટી-20 વર્લ્ડકપ 2026માં 13 વિકેટ લઈને શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તે 17 માર્ચે કોલકાતા પહોંચીને ટીમ સાથે જોડાશે.

CSKમાં સંજુ સેમસનની એન્ટ્રી અને જાડેજાની વિદાય: ધોનીની ભૂમિકા બદલાશે

CSK મેનેજમેન્ટ ધોનીને છઠ્ઠી વખત ટ્રોફી જીતાડીને યાદગાર વિદાય આપવા ઈચ્છશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): આગામી IPL 2026માં મહેન્દ્રસિંહ ધોની છેલ્લીવાર ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) તરફથી રમતા જોવા મળી શકે છે તેવી અટકળો તેજ બની છે. પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણના મતે, 44 વર્ષીય ધોની આ સિઝનમાં મેદાન પર મર્યાદિત ભૂમિકા ભજવી શકે છે. CSK મેનેજમેન્ટ ધોનીને છઠ્ઠી વખત ટ્રોફી જીતાડીને યાદગાર વિદાય આપવા ઈચ્છશે. ગત સીઝનમાં ધોની માત્ર છેલ્લા 2-3 ઓવરોમાં જ બેટિંગ કરવા આવતો હતો, જે દર્શાવે છે કે તે હવે લાંબી ઈનિંગ્સ રમવાને બદલે માત્ર ફિનિશર તરીકે મર્યાદિત યોગદાન આપી રહ્યો છે. વધુમાં, CSK દ્વારા સંજુ સેમસન જેવા અનુભવી ખેલાડીને ટીમમાં લાવવાનો નિર્ણય એ સ્પષ્ટ કરે છે કે ફ્રેન્ચાઈઝી હવે ધોની વગરના ભવિષ્ય માટે તૈયાર થઈ રહી છે. ઈરફાન પઠાણના મતે, ધોની હવે માત્ર એક ખેલાડી તરીકે નહીં પણ 'મેન્ટર-પ્લેયર' તરીકે રમી રહ્યો છે, જેથી તે ઋતુરાજ ગાયકવાડ અને સંજુ સેમસન જેવા ખેલાડીઓને નેતૃત્વની કમાન સોંપીને ગૌરવપૂર્ણ વિદાય લઈ શકે.

ટી-20 વર્લ્ડકપમાં ખરાબ પ્રદર્શન બદલ ખેલાડીઓ પર કોઈ દંડ લગાવાયો નથી: પીસીબી

પીસીબી નવો પરફોર્મન્સ ફોર્મ્યુલા બનાવવા વિચારી રહ્યું છે, જેમાં પ્રદર્શનના આધારે ખેલાડીઓને રકમ અપાશે

લાહોર, તા. 14 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ શનિવારે તે અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટી-20 વર્લ્ડકપ 2026ના સેમીફાઈનલમાં ન પહોંચવા અને વર્લ્ડકપમાંથી બહાર થઈ જવા બદલ ટીમના સભ્યો પર દંડ લાદવામાં આવ્યો છે. પીસીબીના પ્રવક્તા આમીર મીરે મીડિયાના એક વર્ગમાં ચાલી રહેલા આ સમાચારને પાયાવિહોણા ગણાવ્યા છે.

મીરે પત્રકારોને જણાવ્યું હતું કે, કોઈ પણ ખેલાડીને 50 લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ કરવામાં આવ્યો નથી. જોકે, તેમણે સ્વીકાર્યું હતું કે બોર્ડ હવે ખેલાડીઓની જવાબદારી નક્કી કરવા માટે એક નવો 'પરફોર્મન્સ ફોર્મ્યુલા' તૈયાર કરવાનું વિચારી રહ્યું છે. હાલમાં દરેક ખેલાડી સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અને અન્ય પ્રોત્સાહનો દ્વારા વાર્ષિક અંદાજે 6થી 7 કરોડ પાકિસ્તાની રૂપિયા કમાય છે.

આજનું પંચાંગ

તા. 15/03/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિ: વદ: અગિયારસ:09:17 પછી બારસ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 24
નક્ષત્ર : શ્રવણ :29:57
યોગ : પરિઘ **કરણ:** કૌવલ
રાશિ: મકર (ખ,જ)
દિવસ : મિશ્ર પાપમોચિની એકાદશી ચારોલી
સુરતમાં સૂર્યોદય : 06:49 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:46
નવકારસી : 07:37
પારસી વર્ષ : 1395 આવાં માસનો 03જો રોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ: 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): સામાજિક કામથી શાંતિ મળે. પરિવાર સાથે ધાર્મિક આયોજનમાં જવાનું બને. આવક વધશે.
વૃષભ (બ,વ,ઉ,): મિત્રો સાથે મનોરંજન થાય. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક યાત્રાનું આયોજન થાય.
મિથુન (ક,છ,ઘ,): ગુસ્સા પર કાબૂ રાખવો. અપ્રિય સમાચાર મળે. આરોગ્ય નરમ રહે. નોકર-ચાકર વગેરેથી નુકસાન થઇ શકે.
કર્ક (ડ,હ,): પરિવારમાં તાલમેળ રાખવો. ઘરનાં કામમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થઇ શકે છે.
સિંહ (મ,ટ,): મોજ-શોખ માટે યાત્રા-પ્રવાસ થાય. સંતાન જીવન સાથીનાં કામમાં પ્રગતિ થાય. આવક વધે.
કન્યા (પ,ઠ,ણ,): મિત્રો સાથે સંતાનોનાં કામની યોજના બને. સાથીનો સાથ મળે. પ્રેમમાં અનુકૂળતા રહે. આવક વધશે.
તુલા (ર,ત,): નવા ફેરફાર અને નવા ઘર તથા વાહન માટે વડીલોની મદદ મળે. પ્રવાસ થાય.
વૃશ્ચિક (ન,ય,): અચાનક સફળતા કે શુભ સમાચાર મળે. નોકરીના ઇન્ટરવ્યુમાં સફળતા મળે. મન અશાંત રહે.
ધન (ભ,ધ,ફ,ઢ,): વાણી વ્યવહાર અને વહીવટી કુશળતાથી હાથ પરનાં કામ પાર પડે. પારિવારિક પ્રશ્નો સતાવે.
મકર (ખ,જ,): આરોગ્ય બાબતે સભાન બનશો. નોકરી માટે નવી તક ઊભી થાય. મન અશાંત રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): ગુપ્ત ભય સતાવે. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાનાં કામ થાય સંતાન ચિંતા રહે.
મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચકક્ષાના મિત્રો અને વિજાતિય મિત્રોનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે. આવક વધે.

કોઈ પણ સાલમાં 15 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી અને દોડ ધામ તથા સંઘર્ષવાળું રહેશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજ નોકરી-ધંધા વગેરે જગ્યાએ હરીફો હેરાન કરે. ઉમરલાયકના વિવાહની ચિંતા સતાવે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મદદ મળે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ટેકનોલોજીની મદદ મળે. નવા ઘર વાહન મકાન બાબતે વડીલો મદદરૂપ બને. વધારાની આવક માટે મિત્રો મદદરૂપ બને. વારસા, જાયદાદ જમીન જેવા કામમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળશે. એપ્રિલ મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબર શુક્ર શનિવાર, 6,15,24 તારીખ નવાં કામ કરી શકાય. જુલાઈ- ઓગસ્ટમાં બુધવાર 1,10, 19, 28 તારીખ નવા કામ માટે ટાળવી. ભૂરા રંગનો ઉપયોગ ઓછોકરવા. સફેદ રંગ વધુ વાપરવો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેટનો ગોળો - ગેસ

આકડો એક દિવ્ય ઔષધ છે. આકડાના ફૂલોમાંથી રવૈડાં ભેગાં કરી સૂકવી લો. તેમાં દશમાં ભાગે કાળા મરી ભેળવી દળી ચૂર્ણ બનાવવું. તેમાં થી એક ગ્રામ ચૂર્ણ હુંફાળા પાણીમાં જમ્યા બાદ પીવું.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર
મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટીવલ
તારીખ: ૧૧-૦૩-૨૦૨૬ થી ૨૦-૦૩-૨૦૨૬
મેળાનો સમય: સવારે ૧૧:૦૦ કલાક થી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી
સ્થળ: સી.બી. હાઈસ્કુલ ગ્રાઉન્ડ, વલસાડ
હાથશાળ, હસ્તકલા, માટીકામ, મોતીકામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, પેચવર્ક, ટાંગલીયા, મશરૂ, કલમકારી, કાષ્ટકલા, ટેરાકોટા
મેળા પોર્ટલ પર નોંધણી કરવા
હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી
માહિતી/૨૭૭૩/૨૦૨૫-૨૬